# સંધિ

- સંધિ એટલે સાદા અર્થમાં જોડાણ.
- સંસ્કૃતમાં "સંહિતા" તરીકે ઓળખવામાં આવે છે.
- સંધિએ સંસ્કૃત ભાષામાંથી ઉતરી આવેલો ખ્યાલ છે.
- બે વર્ણો એક બીજા સાથે જોડાય ત્યારે તેમાં થતા ફેરફારને સંધિ કહેવાય છે.

## 1. સ્વર સંધિ

- **જયારે સ્વર સાથે સ્વર જોડાય અને તેમાં જે પરિવર્તન આવે તેને સ્વર સંધિ તરીકે ઓળખવામાં આવે છે.**

## નિયમો

| | | |
|---|---|---|
| અ + અ | આ | સૂર્ય + અસ્ત = સૂર્યાસ્ત |
| અ + આ | | વિશ્વ + આધાર = વિશ્વાધાર |
| આ + અ | | મહા + અનલ = અહાનલ |
| આ + આ | | મહા + આશય = મહાશય |

| | | |
|---|---|---|
| ○ ઇ + ઇ | ઈ | પ્રતિ + ઇક = પ્રતિક |
| ઇ + ઈ | | કવિ + ઈશ્વર = કવીશ્વર |
| ઈ + ઇ | | યોગી + ઇન્દ્ર = યોગીન્દ્ર |
| ઈ + ઈ | | રજનીશ + ઈશ = રજનીશ |

| | | |
|---|---|---|
| ○ ઉ + ઉ | ઊ | ભાનુ + ઉદય = ભાનૂદય |
| ઉ + ઊ | | સિંધુ + ઊર્મિ = સિંધૂર્મિ |
| ઊ + ઉ | | વધૂ + ઉલ્લાસ = વધૂલ્લાસ |
| ઊ + ઊ | | વધૂ + ઉર્મિ = વધૂર્મિ |

| | | |
|---|---|---|
| ○ અ + ઇ<br>અ + ઈ<br>આ + ઇ<br>આ + ઈ | એ | નર + ઇન્દ્ર = નરેન્દ્ર<br>પરમ + ઈશ્વર =પરમેશ્વર<br>રામ + ઇન્દ્ર = રામેન્દ્ર<br>દ્વારકા + ઈશ = દ્વારકેશ |
| ○ અ + ઉ<br>અ + ઊ<br>આ + ઉ<br>આ + ઊ | ઓ | પર + ઉપકાર = પરોપકાર<br>નવ + ઊઢા = નવોઢા<br>મહા + ઉત્સવ = મહોત્સવ<br>ગંગા + ઊર્મિ = ગંગોર્મિ |
| ○ અ + ઋ<br>આ + ઋ | અર્ | સપ્ત + ઋષિ = સપ્તર્ષિ<br>રાજા + ઋષિ = રાજર્ષિ |
| ○ અ + ઓ<br>અ + ઔ<br>આ + ઓ<br>આ + ઔ | ઔ | દીપ + ઓચ્છવ = દીપૌચ્છવ<br>ગુણ + ઔદાર્ય = ગુણૌદાર્ય<br>ગંગા + ઓઘ = ગંગૌઘ<br>મહા + ઔદાર્ય = મહૌદાર્ય |
| ○ અ + એ<br>અ + ઐ<br>આ + એ<br>આ + ઐ | ઐ | એક + એક = એકૈક<br>ધન + ઐશ્વર્ય = ધનૈશ્વર્ય<br>સદા + એવ = સદૈવ<br>જનતા + ઐક્ય = જનતૈક્ય |

○ ઇ/ઈ પછી કોઈ પણ વિજાતીય સ્વર આવે તો “ય”માં રૂપાંતર થાય છે.

| | |
|---|---|
| ઇ + અ = ય | પ્રતિ + અક્ષ =પ્રત્યક્ષ |
| ઇ + આ = યા | વિ + આયમ = વ્યાયામ |
| ઇ + ઉ = યુ | પ્રતિ + ઉત્તર =પ્રત્યુત્તર |
| ઇ + ઊ = યૂ | નિ + ઊ = ન્યૂન |
| ઇ + એ = યે | પ્રતિ + એક = પ્રત્યેક |

- ઉ/ઊ પછી કોઈ વિજાતીય સ્વર આવે તો "વ"માં રૂપાંતર થાય છે.

| | |
|---|---|
| ઉ + અ = વ | સુ + અચ્છ = સ્વચ્છ |
| ઉ + આ = વા | સુ + આગત = સ્વાગત |
| ઉ + ઇ = વિ | અનુ + ઇત = અન્વિત |
| ઉ + ઈ = વી | પૃથુ + ઈ = પૃથ્વી |
| ઉ + એ = વે | અનુ + એષણ = અન્વેષણ |

- ઋ પછી કોઈ વિજાતીય સ્વર આવે તો "ર"માં રૂપાંતર થાય છે.

| | |
|---|---|
| ઋ + અ = ર | પિતૃ + અર્થ = પિત્રર્થ |
| ઋ + આ = રા | માતૃ + આદેશ = માત્રાદેશ |
| ઋ + ઓ = રો | માતૃ + ઓછંગ = માત્રોછંગ |
| ઋ + એ = રે | માતૃ + એષણ = માત્રેષણ |
| ઋ + ઊ = રૂ | માતૃ + ઊર્મિ = માત્રૂર્મિ |

| | |
|---|---|
| ○ એ + અ = અય | સંચે + અ = સંચેય |
| એ + આ = અયા | પ્રે + આસ = પ્રયાસ |
| એ + ઇ = અયિ | સામે + ઇક = સામયિક |
| એ + ઊ = અયૂ | મે + ઊર = મયૂર |

| | |
|---|---|
| ○ ઐ + અ = આય | ગૈ + અક = ગાયક |
| ઐ + ઇ = આયિ | ગૈ + ઇકા = ગાયિકા |
| ઐ + ઉ = આયુ | ઐ + ઉક્તિ = આયુક્તિ |

| | |
|---|---|
| ○ ઓ + અ = અવ | પો + અન = પવન |
| ઓ + ઇ = અવિ | ભો + ઇષ્ટ = ભવિષ્ટ |
| ઓ + ઈ = અવી | ગો + ઈશ = ગવીશ |

| | |
|---|---|
| ○ ઔ + અ = આવ | પૌ + એક = પાવક |

ઔ + ઇ = આવિ
ઔ + ઉ = આવુ

નૌ + ઇક = નાવિક
ભૌ + ઇક = ભાવુક

---

## 2. વ્યંજન સંધિ

- **જયારે વ્યંજન સાથે વ્યંજન કે સ્વરના જોડાણથી થતી સંધિને વ્યંજન સંધિ તરીકે ઓળખવામાં આવે છે.**

## નિયમો

### 1) "સ" વ્યંજનને લગતા નિયમો

- "સ"ની પહેલા "અ" કે "આ" સિવાયના સ્વર આવે તો તેનો "ષ" થાય છે.

  વિ + સમ = વિષમ
  અભી + સેક = અભીષેક
  સુ + સુપ્ત = સુષુપ્ત
  પરિ + સદ = પરિષદ
  નિ + સેધ = નિષેધ
  પ્રતિ + સ્થા = પ્રતિષ્ઠા
  યુધિ + સ્થિર = યુધિષ્ઠિર

- "સ" પહેલા "ઇ" કે "ઉ" આવે અને "સ" પછી "ક", "ખ", "પ", "ફ" આવે તો "ષ" થાય.

  નિસ્ + કામ = નિષ્કામ
  દુસ્ + પ્રાય = દુષ્પ્રાય
  દુસ્ + કાળ = દુષ્કાળ
  નિસ્ + ફળ = નિષ્ફળ

- "સ" પછી "ત" કે "થ" આવે તો "સ્" થાય.

  નિસ્ + તેજ = નિસ્તેજ
  મનસ્ + તરંગ = મનસ્તરંગ

- “સ” પછી “ચ” કે “છ” આવે તો “શ” થાય છે.

  દુસ્ + ચિન્તા = દુશ્ચીનતા

  નિસ્ + ચલ = નિશ્ચિલ

  નિસ્ + ચિંતા = નિશ્ચિંત

- “સ”ની આગળ “અ” અને પાછળ ઘોષ વ્યંજન હોય તો “ઓ” થાય છે.

  મનસ્ + હર = મનોહર

  અધસ્ + ગતિ = અધોગતિ

- “સ”ની પાછળ “સ”, “શ”, “ષ” આવે તો “સ”ને સ્થાને વિસર્જન આવે છે.

  નિસ્ + શબ્દ = નિ:શબ્દ

  નિસ્ + સંતાન = નિ:સંતાન

  નિસ્ + શ્વાસ = નિ:શ્વાસ

  નિસ્ + સ્વાર્થ = નિ:સ્વાર્થ

- “સ”ની પહેલા “અ” હોય અને પછી અઘોષ વ્યંજન આવે તો “સ”ને સ્થાને વિસર્ગ આવે છે.

  પ્રાતસ્ + કર્મ = પ્રાત:કર્મ

  અધસ્ + પતન = અધ:પતન

  પ્રાતસ્ + કાળ = પ્રાત:કાળ

  **અપવાદ:**

  પુરસ્ + કાર = પુરસ્કાર

  નમસ્ + કાર = નમસ્કાર

  તિરસ્ + કાર = તિરસ્કાર

  શ્રેયસ્ + કાર = શ્રેયસ્કર

## 2) “ર” વ્યંજનને લગતા નિયમો

- “ર” પછી “ત” કે “થ” આવે તો “સ” થાય છે.

અંતર્ + તત્વ = અંતસ્તત્વ

અંતર્ + તાપ = અંતસ્તાપ

- "ર"ની આગળ હ્રસ્વ "ઇ", "ઉ" હોય અને પાછળ "ક", "ખ", "પ", "ફ" હોય તો "ષ" થાય છે.

  ચતુર્ + પદી = ચતુષ્પદી

  ચતુર્ + ફલક = ચતુષ્ફલક

  ચતુર્ + કોણ = ચતુષ્કોણ

  ચતુર્ + કલ = ચતુષ્કલ

- "ર" પાછળ "ચ" કે "છ" આવે તો "શ" થાય છે.

  અંતર્ + ચક્ષુ = અંતશ્ચક્ષુ

  પુનર્ + ચ = પુનશ્ચ

- "ર" પછી "શ", "ષ" કે "સ" આવે તો વિસર્ગ થાય છે.

  અંતર્ + શાંતિ = અંતઃશાંતિ

  અંતર્ + શોક = અંતઃશોક

  પુનર્ + સ્થાપક = પુનઃસ્થાપક

  અંતર્ + સ્રાવ = અંતઃસ્ત્રાવ

- "ર" પછી આવેલા "ન" નો "ણ" થાય છે.

  પરિ + નામ = પરિણામ

  નિર્ + નય = નિર્ણય

  પર્ + ન = પર્ણ

  કર્ + ન = કર્ણ

  પ્ર + નામ = પ્રણામ

  પ્ર + નય = પ્રણય

  પ્ર + નેતા + પ્રણેતા

  પુરા + ન = પુરાણ

## 3) અન્ય નિયમો

- પ્રથમ પદને અંતે આવેલા “મ” પછી કોઈ વ્યંજન આવે તો “મ” આગળના વર્ણ પર અનુસ્વર રૂપે આવે છે.

  મમ્ + ગલ = મંગલ

  સમ્ + ગમ = સંગમ

  સમ્ + દેશ = સંદેશ

  સમ્ + પૂર્ણ = સંપૂર્ણ

  સમ્ + યુક્ત = સંયુક્ત

  સમ્ + યોગ = સંયોગ

  અલમ્ + કાર = અલંકાર

  સમ્ + બોધન = સંબોધન

  સમ્ + સાર = સંસાર

- પ્રથમ પદને અંતે આવેલા “મ” અને “ન ”પછી સ્વર આવે તો તે સ્વર તેમાં ભળી જાય છે.

  સમ્ + આહાર = સમાહાર

  સમ્ + ઋદ્ધ = સમૃદ્ધ

  અન્ + અભ્યાસ = અનઅભ્યાસ

  અન્ + ઉપયોગ = અનુપયોગ

- “ત” પછી “ચ” કે “છ” આવે તો “ત” નો “ચ” થાય છે.

  ઉત્ + ચાર = ઉચ્ચાર

  ઉત્ + ચાલન = ઉચ્ચાલન

  ઉત્ + છેદન = ઉચ્છેદન

  ઉત્ + ચ = ઉચ્ચ

- “ત” કે “દ” પછી “લ”, “જ”, “ડ” આવે તો “ત” કે “દ” નો “લ”, “જ”, “ડ” થાય છે.

  ઉત્ + લેખ = ઉલ્લેખ

ઉત્ + લાસ = ઉલ્લાસ

તત્ + લીન = તલ્લીન

પત્ + લવ = પલ્લવ

ઉત્ + જડ = ઉજ્જડ

જગત્ + જનની = જગજ્જનની

ઉદ્ + જ્વલ = ઉજ્જવલ

ઉત્ + ડયન = ઉડ્ડયન

ભગવત્ + ડમરું = ભગવાડ્ડમરું

- હ્રસ્વ સ્વર પછી "છ" આવે તો "ચ્છ" થાય છે.

  સ્વ + છંદ = સ્વચ્છંદ

  શિર + છેદ = શિરચ્છેદ

  પરિ + છેદ = પરિચ્છેદ

  પદ + છેદ = પદચ્છેદ

- અઘોષ વ્યંજન પછી સ્વર અથવા અનુનાસિક સિવાયનો ઘોષ વ્યંજન આવે તો તે અઘોષ વ્યંજનના સ્થાને તેના વર્ગનો ત્રીજો વ્યંજન મુકાય છે.

  i. "ક"નો "ગ" થાય

  દિક્ + અંત = દિગંત

  દિક્ + ગજ = દિગ્ગજ

  દિક્ + દર્શક = દિગ્દર્શક

  ii. "ટ"નો "ડ" થાય

  ષટ્ + અંગ = ષડંગ

  ષટ્ + યંત્ર = ષડયંત્ર

  ષટ્ + રિપુ =ષડરિપુ

  iii. "ત"નો "દ" થાય

  સત્ + આચાર = સદાચાર

ઉત્ + વેગ = ઉદ્વેગ

ઉત્ + યોગ = ઉદ્યોગ

ચિત્ + આનંદ = ચિદાનંદ

iv. "પ", "ભ"નો "બ" થાય

અપ્ + ધિ = અબ્ધિ

અપ્ + જ = અબ્જ

લભ્ + ધ = લબ્ધ

અક્ષુભ્ + ધ અક્ષુબ્ધ

v. "ષ" પછી અઘોષ વ્યંજન આવે તો "ટ" થાય છે.

ષષ્ + કોણ = ષટ્કોણ

ષષ્ + પદી = ષટપદી

ષષ્ + ક = ષટક

ષષ્ + કર્મ = ષટકર્મ

vi. "ચ" કે "જ" પછી "ન" આવે તો "ન"ની જગ્યાએ "જ્ઞ" આવે છે.

અજ્ + ન = અજ્ઞ

યજ્ + ન = યજ્ઞ

સુજ્ + ન = સુજ્ઞ

vii. "ઋ" કે "ષ" પછી "ન" આવે તો "ણ" થાય છે.

ઋ + ન = ઋણ

તૃ + ન = તૃણ

મૃ +નાલ = મૃણાલ

ધૃ + ના = ધૃણા

કૃષ્ + ન = કૃષ્ણ

ઉષ્ + ન = ઉષ્ણ

તૃષ્ + ન = તૃષ્ણ

viii. નીચેની સંધિમાં "ન"નો "ણ" થાય છે.

રામ + અયન = રામાયણ

ભ્રમ + અન = ભ્રમણ

શોષ + અન = શોષણ

નાર + અયન = નારાયણ

રમ +અન = રમણ

પ્ર + માન = પ્રમાણ

પ્ર + યાન = પ્રયાણ

ix. પદને અંતે આવેલા "ચ", "જ", "શ" નો "ક" થાય છે.

વાચ્ + પતિ = વાક્પતિ

વણિજ્ + પુત્ર = વણિકપુત્ર

વિશ્ + પાલ = વિક્પાલ

ભજ્ + તિ = ભક્તિ

મુક + તિ = મુક્તિ

x. "ષ"પછી "ત" આવે તો "ટ" થાય છે.

શિષ્ + ત =શિષ્ટ

કષ્ + ત = કષ્ટ

ષષ્ + તિ = ષષ્ટિ

વૃષ્ + તિ = વૃષ્ટિ

હ્રુષ્ + તિ = હ્રષ્ટિ

ભ્રષ્ + ત = ભ્રષ્ટ

xi. "ષ" પછી "થ" આવે તો "ઠ" થાય છે.

પૃષ્ + થ = પૃષ્ઠ

કાષ્ + થ = કાષ્ઠ

અધિ + સ્થાતા = આધિસ્ઠાતા

અનુ + સ્થાન = અનુષ્ઠાન

## 3. વિસર્ગ સંધિ

- **વિસર્ગ સાથે સ્વર કે વ્યંજન જોડાણથી જે સંધિ થાય તેને "વિસર્ગસંધિ" કહેવામાં આવે છે.**

## નિયમો

- વિસર્ગ પહેલા "અ" અને વિસર્ગ પછી ઘોષ વ્યંજન આવે તો વિસર્ગ "ઓ" થાય છે.

  સર: + વર = સરોવર

  મન: + રોગી = મનોરોગી

  યશ: + દા = યશોદા

  સર: + જ = સરોજ

  શિર + વેદના = શિરોવેદના

  મન: + વિજ્ઞાન = મનોવિજ્ઞાન

- વિસર્ગ પહેલા "અ" કે "આ" સિવાયનો સ્વર હોય અને વિસર્ગ પછી સ્વર કે ઘોષ વ્યંજન હોય તો વિસર્ગનો "ર્" થાય છે.

  નિ: + દય = નિર્દય

  આયુ: + વેદ = આયુર્વેદ

  નિ: + મળ = નિર્મળ

  ધનુ: + ધર = ધનુર્ધર

  નિ: + અર્થક = નિરર્થક

  નિ: + અપરાધ = નિરઅપરાધ

  યજુ: +વેદ = યજુર્વેદ

- વિસર્ગની પહેલા "અ" કે "આ" સિવાયનો સ્વર હોય અને વિસર્ગ પછી "ર" આવે તો વિસર્ગનો લોપ થાય છે અને આગળનો સ્વર દીર્ઘ બને છે.

  નિ: + રસ = નીરસ

  નિ: + રોગી = નીરોગી

નિ: + રદ = નીરદ(વાદળ)

નિ: + રંગ = નીરંગ

નિ: + રવ = નીરવ

- વિસર્ગની પહેલા "અ", "આ", "ઇ" હોય અને વિસર્ગ પછી "ચ" કે "છ" આવે તો વિસર્ગનો "શ" થાય છે.

  નિ: + ચિંત = નિશ્ચિંત

  હરિ: + ચન્દ્ર = હરિશ્ચંદ્ર

  પ્રાય: + ચિત = પ્રાયશ્ચિત

  તપ: + ચર્યા = તપશ્ચર્યા

  પુન: + ચરણ = પુનશ્ચરણ

- વિસર્ગ પહેલા "અ", "આ", "ઇ", "ઉ" હોય અને વિસર્ગ પછી "ક", "ખ", "ટ", "ઠ", "પ", "ફ" હોય તો વિસર્ગનો "ષ" થાય છે.

  ક = નિ: + કામ = નિષ્કામ

  નિ: + કારણ = નિષ્કારણ

  પુન: + કર = પુનષ્કર

  ખ = ધનુ: + ખંડ = ધનુષ્ખંડ

  ટ = ધનુ: + ટંકાર = ધનુષ્ટંકાર

  ક: + ટ = કષ્ટ

  દુ: + ટ = દુષ્ટ

  ન: + ટ = નષ્ટ

  ઠ = નિ: + ઠુર = નિષ્ઠુર

  નિ: + ઠા = નિષ્ઠા

  પ = નિ: + પાપ = નિષ્પાપ

  નિ: + પક્ષ = નિષ્પક્ષ

ફ = નિ: + ફળ = નિષ્ફળ

ચતુ: + ફલક = ચતુષ્ફલક

- વિસર્ગ પહેલા "અ" કે "આ" સિવાયનો સ્વર હોય અને વિસર્ગ પછી "ત" કે "થ" હોય તો "સ" થાય.

  વિ: + તૃત = વિસ્તૃત

  દુ: + તાજ્ય = દુસ્તાજ્ય

  વિ: + થાપિત = વિસ્થાપિત

  પ્ર: + થાન = પ્રસ્થાન

- વિસર્ગ પહેલા "અ" કે "આ" હોય અને વિસર્ગ પછી "ક", "ખ", "પ", "ફ" હોય તો વિસર્ગનો "સ" થાય.

  પર: + પર = પરસ્પર

  આશા: + પદ = આશાસ્પદ

  બૃહ: + પતિ = બૃહસ્પતિ

  ભા: + કર = ભાસ્કર

  ધૃણા: + પદ = ધૃણાસ્પદ

  તિર: કાર = તિરસ્કાર

  પુર: + કૃત = પુરસ્કૃત

- વિસર્ગ પછી "શ", "ષ" કે "સ" આવે તો વિસર્ગ કાયમ રહે.

  નિ: + શબ્દ = નિ:શબ્દ

  નિ: + સંતાન = નિ:સંતાન

  નિ: + સ્વાર્થ = નિ:સ્વાર્થ

  નિ: + શેષ = નિ:શેષ

  નિ: + સ્પૃહ = નિ:સ્પૃહ